EMPLOYMENT ONTARIO
Ontario's employment & training network

Ontario

## વેબ પર નોકરી માટે ફેરતપાસણી

## જોબ કનેકટ [Job Connect]

ઓન્ટારીઓ સરકારનો આ પ્રોગ્રામ લોકોને સતત નોકરીઓ મેળવવામાં મદદ કરે છે  જયાં વ્યક્તિઓને રોજગારની જરૂરત હોય અને માલિકો પોતાના વ્યાપારની જરૂરિયાતો પૂરી કરવા નવા કામગારોને શોધતા હોય.

આ પ્રોગ્રામ વિવિધ સેવાઓ પ્રદાન કરે છે જેથી માલિકોની કેળવણી વાળા રોજગારની જરૂરિયાતો તેમજ વ્યક્તિઓની રોજગાર અને તાલીમની જરૂરિયાતોને પૂરી કરવામાં . તે પ્રોગ્રામ લોકોને ઉચ્ચ કેળવણીઓની તાલીમ અને રોજગાર માટે મદદ કરી શકે છે.  સેવાઓ આખા ઓન્ટારીઓમાં ઉપલબ્ધ છે.

જે માલિકો ઓન્ટારીઓમાં વ્યાપાર ચલાવે છે અને જે નવા સ્ટાફને રાખવા માંગે છે, તેમને  જોબ કનેકટ સેવાઓથી લાભ થઈ શકે છે.

### કઈ સેવાઓ ઉપલબ્ધ છે?

આ પ્રોગ્રામની સેવાઓના ત્રણ ભાગ છે જેનાથી વ્યક્તિઓની જરૂરિયાતો પૂરી પડે છેઃ

- સૂચના અને સાધન સેવા [Information and Resource Service] કારકિર્દી અને વ્યવસાયો, સ્થાનિક શ્રમિક માર્કિટ, પ્રશીક્ષણ સંબંધી તકો અને નોકરી શોધવાના તરીકાઓ પર કાર્યશાળાઓ, માહિતી અને સાધનો પ્રદાન કરે છે. ઉમેદવાર તાલીમ અને અંતર્રાષ્ટ્રીય ધોરણ પર તાલીમ પામેલ વ્યક્તિઓ માટેના સાધનો સંબંધી જાણકારી પણ ઉપલબ્ધ છે જે તેમની કેળવણીઓ અને અનુભવને યોગ્ય હોય.
- રોજગાર યોજના અને તૈયારી [Employment Planning and Preparation] વ્યક્તિઓને રોજગારની જરૂરિયાતો પૂરી કરવામાં સહાયતા પ્રદાન કરે છે અને એક એકશન પ્લાન બનાવવામાં અને નિર્ણય લેવામાં અને નોકરી શોધવામાં મદદ કરે છે.
- નોકરી વિકાસ અને પ્લેસમેન્ટ સહાયતા [Job Development and Placement Support] અનુભવ માટે રોજગાર અને/અથવા નોકરીની સાથે તાલીમમાં પ્લેસમેન્ટ આપે છે.

### જોબ કનેકટ [Job Connect] થી માલિકોને કઈ રીતે ફાયદો થઈ શકે છે?

જે  માલિકો નવા કામગારોને રાખવા માંગે છે, તે સૂચના અને સાધન સેવા મારફત નોકરીની જગ્યાઓની જાહેરાત કરી શકે છે.  જોબ કનેકટ સ્ટાફ માલિકોના વ્યાપાર સંબંધી જરૂરિયાતો પૂરી કરવા તેમને કામગારોની પસંદગી કરવામાં મદદ કરશે. નોકરી વિકાસ અને પ્લેસમેન્ટ સહયોગ જોબ કનેકટ ઉમેદવારને  અનુભવ માટે રોજગાર અને/અથવા નોકરીની સાથે તાલીમ આપવા માલિકોનો ખર્ચ કમ કરવા માટે તેમને વળતર આપી શકે છે.

### કોણ ભાગ લઈ શકે?

- **સૂચના અને સાધન સેવાઃ** કોઈ પણ વ્યક્તિ જેને રોજગાર જોઈએ છે અને/અથવા તાલીમ જોઈએ છે તે વ્યક્તિ આ વોક-ઈન સામુદાયિક સેવાનો લાભ લઈ શકે છે.
- **રોજગાર યોજના અને તૈયારી અને નોકરી વિકાસ અને પ્લેસમેન્ટ સહાયતા માટેઃ** જે લોકો ઓછામાં ઓછા 16 વર્ષના હોય, શાળા પૂરી કરેલ હોય, રોજગાર વિના હોય અને જેમને રોજગાર વીમાનો લાભ નહી મળતો હોય.

### હું  સેવાનો લાભ કઈ રીતે મેળવી શકું?

1-800-387-5656
(416) 326-5656 (ટોરોન્ટો)

www.ontario.ca/employmentontario

ISBN 1-4249-2445-6